### અકસ્માતોનો ભય ઘટ્યો

# આંબલિયારા-ચાંદરેજ માર્ગ ઉપરના નડતર રૂપ ઝાળી જાંખર દૂર કરાવતું તંત્ર

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

બાયડ તાલુકાના આંબલિયારા-ચાંદરેજ માર્ગ ઉપર ચોમાસા પછી રોડ ઉપર નમી ગયેલા ઝાડ અને ઝાળી જાંખરના કારણે અકસ્માતનો ભય વધતાં આ અંગે આર.એન્ડ બી. સ્ટેટમાં રજુઆત પછી તાબડતોબ નડતરરૂપ ઝાડના ડાળાં અને જાંખર દૂર કરાતાં વાહનચાલકો અને સ્થાનિક પ્રજામાં ખુશાલી જોવા મળી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના અનેક ગ્રામ્યવિસ્તારોમાં ચોમાસા પછી લીલી વનરાજીના કારણે માર્ગો દેખાવડા લાગી રહ્યા છે પરંતુ ક્યારેક રોડ સાઈડ નમી ગયેલા ઝાડ અને લીલી વનરાજી અકસ્માતનું નિમિત બની જતાં હોય છે. કેટલીક વાર ગમખ્વાર અકસ્માતમાં કોઈના લાડકવાયાનો જીવ પણ જતો હોય છે. બાયડ તાલુકામાં વરસાદ વરસ્યા પછી સ્ટેટ હસ્તકના આંબલિયારા-ચાંદરેજ માર્ગ ઉપર કેટલાંક નમી ગયેલાં ઝાડ અને લીલી વનરાજી અકસ્માત નોંતરે તેવો ભય હાવી થયો હતો. ચાંદરેજના અગ્રણી યુવા કાર્યકર વિજયભાઈ પટેલએ માર્ગ ઉપરના નડતર રૂપ ઝાળી જાંખર દુર થાય તો સંભવિત અકસ્માતને ટાળી શકાય તેવી વિભાગમાં રજુઆત કરતાં ગણતરીના કલાકોમાં તંત્રએ જેસીબી લગાવી જોખમી લાગતા ઝાળી જાંખર દુર કરાવ્યા હતા.



### નાની ઉંમરમાં નામના મેળવી તે ગુમાવી..!

# મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ મહિલા અધિકારીને બદનામ કરવાના આરોપમાં સસ્પેન્ડ

### આવનારા દિવસોમાં અનેક રહસ્યો બહાર આવવાની ધારણા

હિંમતનગર તા.૧૩

છેલ્લા ૪ વર્ષથી યુવાઓના આઈકોન બનેલા મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ મહિલા અધિકારીને બદનામ કરવાના આરોપમાં સસ્પેન્ડ કરી કચ્છ બદલી કરવામાં આવી છે. નાની ઉંમરમાં મોટી નામના મેળવી તે કરતૂતોના કારણે ગુમાવાનો વારો આવ્યાની ચર્ચા સમગ્ર જિલ્લામાં શરૂ થઈ છે. આવનારા દિવસોમાં મહિલા અધિકારી અને સસ્પેન્ડ પ્રાંત અધિકારીનાં જમીનમાં ઘડબાયેલા અનેક રહસ્યો બહાર આવવાની ધારણા છે. પ્રાંત અધિકારી સામે સાઈબર ક્રાઈમમાં ફરીયાદ આપી મોરચો માંડનાર મહિલા અધિકારી ગાંધીનગર બદલી કરવામાં આવી છે. કેસમાં કોઈ આડખીલી રૂપ ન બને તે માટે બદલી કરવામાં આવી છે કે પછી અન્ય કોઈ કારણ છે તેનું રહસ્ય વધુ ગૂંથાયું છે.



સફળતા કઠોર મહેનત કર્યા પછી મળતી હોય છે સફળતા મળ્યા પછી પદ, પ્રતિષ્ઠા અને લક્ષ્મી મળે ત્યારે તેને જીરવવી ખૂબ મુશ્કેલ હોય છે. વધુ પડતી પ્રતિષ્ઠા બદનામીનું ઋણ ચુકવવું પડતું હોય છે. અરવલ્લી જિલ્લામાં પ્રોબેશનલ પીરિયડમાં નિયુક્ત થઈને પ્રાંત અધિકારી મયંક પટેલએ સારી લોકચાહના મેળવી પરંતુ ત્યાર પછી તેમની કામગીરી સામે અસંતોષ અને વિરોધ વધતો જતો હતો ત્યારે ગત બુધવારે મહિલા અધિકારીને પરેસાન કરવાના કેસમાં અમદાવાદ સાઈબર ક્રાઈમ દ્વારા તેમની સામે ગુનો નોંધી પૂછતાછ માટે અરવલ્લી બહુમાળી ભવનમાંથી અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. મહિલા અધિકારીએ કરેલી ફરીયાદના સાધનિક પુરાવા પ્રાંત અધિકારીના વિજાણુ યંત્રોમાંથી મળી આવ્યા પછી અટકાયત કરવામાં આવી હતી અને ત્યાર બાદ કોર્ટમાં જામીન દરમ્યાન આરોપીના વકીલે મહિલા અધિકારી સાથે પ્રેમ સબંધ હોવાની વાત આગળ ધરી જામીન માંગતા જામીન મળ્યા પરંતુ સમગ્ર મહેસુલ વિભાગમાં મહિલા અધિકારીને બદનામ કરવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની ગયો. મોડાસા પ્રાંત અધિકારીના બહાર આવેલા કરતૂત પછી હરકતમાં આવેલ મહેસુલ વિભાગે તેમને સસ્પેન્ડ કરી ભુજ બદલી કરવામાં આવી છે. પરંતુ હવે પછી બહાર આવનારી ચોંકાવનારી વિગતો ઘણી રસપ્રદ હશે તેવું માનવામાં આવે છે. કેટલાંક ઉચ્ચ અધિકારીઓ અને મહિલા અધિકારીના પ્રેમસંબંધ અને કહેવાતા સેક્સ સ્કેન્ડલ રાજ્યના વહીવટીતંત્રને પણ હચમચાવી શકે છે.

# જિલ્લામાં લાયસન્સ વગરની સિક્યુરીટી કંપનીઓનો રાફડો ફાટ્યો

### પ્રાઈવેટ સિક્યુરીટીની તપાસમાં પોલીસને રસ નથી..!!

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાનગી નાના-મોટા ઉદ્યોગો તેમજ પ્રાઈવેટ બેન્કોની સુરક્ષા માટે ખાનગી સિક્યુરીટી કંપનીઓનો રાફડો ફાટ્યો છે. જિલ્લામાં મોટાભાગની સિક્યુરીટી કંપનીઓ લાયસન્સ વગર ચલાવાતી હોવાની ફરિયાદ છતાં પોલીસને તપાસ કરવાનો જરાય રસ નથી. સિક્યુરીટીમાં ગાર્ડ તરીકે મૂકાતા કર્મચારીઓની અગાઉ હત્યાઓ થઈ ચૂકી છે છતાં ખાનગી સિક્યુરીટીઓની છાનભીન ન થતાં આશ્ચર્ય ઉભું થયું છે.

જિલ્લામાં ચોરી અને લૂંટના બનાવોથી પ્રજા, વેપારીઓ ભારે અસલામતી અનુભવી રહ્યા છે. પોલીસ દરેક જગ્યાએ પહોંચી શકતી ન હોવાથી જિલ્લામાં ખાનગી સિક્યુરીટીની સેવાઓ લેવાઈ રહી છે. જિલ્લામાં ઉદ્યોગો તેમજ હવે તો પ્રાઈવેટ શાળાઓમાં પણ સિક્યુરીટી ગાર્ડ તૈનાત કરાતા હોય છે. પરંતુ મોટાભાગે સિક્યુરીટી કંપનીઓ લાયસન્સ વગર ચલાવાતી હોવાથી સુરક્ષાના નામે અંદરખાને તો ભયસ્થાન રહેતું હોય છે. જિલ્લામાં ચોરીના બનાવ અનેક ગણા વધતાં ખાનગી સિક્યુરીટી ગાર્ડનો ક્રેઝ વધતાં છેલ્લા કેટલાય સમયથી સુરક્ષા આપતી પ્રાઈવેટ કંપનીઓનો રાફડો ફાટ્યો છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં ઉદ્યોગો તેમજ જવેલરીની દુકાનની સુરક્ષા માટે ખાનગી કંપનીના ગાર્ડ મૂકાયા છે પરંતુ પોલીસ પાસે તેની અપાયાપ્ત જાણકારીના કારણે ભયસ્થાન ઉભું થયું છે.



જિલ્લામાં મોટાભાગની ખાનગી સિક્યુરીટી કંપનીઓ લાયસન્સ વગર જ ચલાવાય છે જેમાં મોટાભાગે ગાર્ડ તરીકે મૂકાતા ઈસમો પરપ્રાંતના હોવાથી સુરક્ષાના નામે ધુપ્પલ ચાલતું હોવાની તાસિર પેદા થઈ છે. ગુનાખોરી વકરતાં હવે વેપારીઓની સાથે ખાનગી શાળા સંચાલકો પણ ખાનગી સિક્યુરીટીનો સહારો લઈ રહ્યા છે ત્યારે પોલીસ કાગળ ઉપર ચાલતી એજન્સીઓની ઉંડી તપાસ કરે તે અનિવાર્ય છે. બંન્ને જિલ્લામાં પોલીસને માત્ર હોટલો તેમજ ગેસ્ટહાઉસો તેમજ મોબાઈલની દુકાનોમાં તપાસ કરવામાં જાજો રસ રહેલા છે પરંતુ સુરક્ષા સાથે જોડાયેલ ખાનગી સિક્યુરીટી કંપનીઓની સરકારમાં નોંધણી છે કે કેમ તેની તપાસ કરવાનો સમય જ નથી જેથી પ્રાઈવેટ ગાર્ડ છતાં વેપારી અને પ્રજા અંદરખાને અસલામતી અનુભવી રહી છે.

### નાના-મોટા પ્રસંગોની કચકડે કંડારતા ફોટોગ્રાફરો "કેસલેસ" બન્યા

# ગજબ થયો : જિલ્લાના સ્ટુડીયો સંચાલકો હેવી લાઈટ ઈફેક્ટથી ટાલિયા બન્યા

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

૫ વર્ષ પહેલાંની નોટબંધીના કારણે મોટાભાગની પ્રજા-વેપારીઓ હવે કેસલેશ બની રહ્યા છે પરંતુ જિલ્લામાં લગ્ન સહિતના અન્ય શુભપ્રસંગોને હાઈટેક કેમેરાથી કચકડે કંડારતા ફોટોગ્રાફરો કેસલેસ (ટાલિયા) બની ગયા છે. અભ્યાસુ તારણ કરતાં ખાસ પ્રકારની લાઈટ ઈફેક્ટથી વર-વધુને દિપાવવાના પ્રયાસોમાં ફ્લેશના તરંગો ફોટોગ્રાફરોના માથા ઉપર વારંવારથી પસાર થતાં જિલ્લાના ૯૮ ટકા ફોટોગ્રાફર ટાલિયા બની ગયાનું જાણવા મળ્યું છે.

માણસ હંમેશાં માથા ઉપરના વાળથી વધુ શોભતો હોય છે. ટાલિયો માણસ અતિસુંદર હોય તો પણ ઉપહાસનું પાત્ર બનતો હોય છે. માથા ઉપરના વાળ દરેક વ્યક્તિની શોભામાં અભિવૃદ્ધિ કરતા હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખાનપાન બદલાતાં પુરૂષો અને મહિલાઓના વાળ ઝડપથી અદ્રશ્ય થઈ રહ્યા છે. માથાના વાળ જાળવી રાખવા અનેક પ્રકારના ઔષધિય તેલનું વાળ ખરવાથી કરોડોનું ટર્નઓવર આજકાલ થઈ રહ્યું છે. પરંતુ કુદરતી રીતે માથામાં ટાલ પડે તે તો માની શકાય પરંતુ જેના વ્યવસાયથી ઘરનું ગુજરાન ચાલતું હોય તે માથામાં ટાલ લાવી દે ત્યારે શું માનવું..?? જિલ્લામાં દરેક નાના-મોટા પ્રસંગોમાં ફોટોગ્રાફરોની મહત્વની ભૂમિકા રહેતી હોય છે. જેથી હેવિ લાઈટ સીસ્ટમ તેમજ કેમેરાની ફ્લેશમાંથી તરંગોથી ફોટોગ્રાફરોના શરીર ઉપર વિપરીત અસરો જોવા મળી છે જેમાં ખાસ કરીને માથામાંથી વાળ ખરવાનું કારણ ચિંતાજનક બન્યું છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં ખાસ કરીને સ્ટુડીયોમાં હેવિ લાઈટ સીસ્ટમ તેમજ કેમેરાની ખાસ ઈફેક્ટથી ફોટોગ્રાફી કરતા બંન્ને જિલ્લાના ૯૮ ટકા ફોટોગ્રાફરોના માથામાં ટાલ ચમકવા લાગી છે. ફોટોગ્રાફીમાં લોકોને ચમકાવનારાના માથામાં ટાલ જોઈ સૌ કોઈ આશ્ચર્ય અનુભવે છે પરંતુ ખુદ હવે ફોટોગ્રાફરો જ માથામાંથી વાળ અદ્રશ્ય થઈ રહ્યાની બાબતને સમર્થન આપી રહ્યા છે. જિલ્લાના ફોટોગ્રાફરો કેસલેસ(ટાલિયા) બની જતાં આ હકીકત સામાન્ય છતાં હેર સ્પેશ્યાલીસ્ટો માટે સંશોધનનો વિષય બની રહ્યો છે.

# ઉત્તર ગુજરાતમાં ઔષધિય ગુણધર્મ ધરાવતા વૃક્ષો નામશેષ થવાને આરે

### ગુગળ, દવ, કડાયો ગુંદર સહિતના વૃક્ષો લુપ્ત થવા લાગ્યાં

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

ઉત્તર ગુજરાતમાં દર વર્ષે ચોમાસાની સીઝનમાં મોટા ઉપાડે વૃક્ષો વાવો..ના સૂત્રોચ્ચાર સાથે લાખોની સંખ્યામાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજી રોપાનું વાવેતર થતું હોય છે પરંતુ યોગ્ય દરકારના અભાવે રોપાનું ટુંક સમયમાં જ બાળમરણ થઈ જતું હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી ઔષધિય ગુણધર્મો ધરાવતા વૃક્ષોની યોગ્ય જાળવણી ન થતાં અસંખ્ય વૃક્ષો નામશેષ થવાને આરે છે. ઉત્તર ગુજરાતમાં ગુગળ, ટીમરૂ, રાયણ, કડાયો ગુંદર, દવ અને



ખેર સહિતના વૃક્ષો હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલાં જ બચ્યાં છે. જ્યારે જે વૃક્ષો હાલમાં છે તે પણ ઉધઈના ભરડામાં આવી જતાં આગામી સમયમાં ઔષધિય ગુણધર્મ ધરાવતા વૃક્ષો સંપૂર્ણપણે નામશેષ થવાની દહેશત વનસ્પતિના નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

વૃક્ષો માનવીને અનેક રીતે ઉપયોગી છે. ફળ, ફુલ અને લાકડું આપવા ઉપરાંત વૃક્ષો પર્યાવરણની સમતુલા જાળવી રાખવામાં મહત્વનું પરીબળ છે છતાં વૃક્ષોના ઉછેર માટેની જાગૃતિ માત્ર ચોમાસા દરમ્યાન જોવા મળતી હોય છે જેમાં વૃક્ષો તું રોપાના સ્વરૂપમાં વાવેતર થાય છે પરંતુ ક્યારેય તે પૂર્ણ વૃક્ષ બની શકતું નથી તે સર્વ સ્વિકૃત બાબત છે. ઉત્તર ગુજરાતમાં અગાઉના વર્ષોમાં ખુલ્લી જમીન તેમજ ખેતરોના શેઢે ઔષધિય ગુણધર્મ ધરાવતા વૃક્ષો ઠેકઠેકાણે જોવા મળતા હતા પરંતુ તેની યોગ્ય દરકાર ન લેવાતાં આજે વૃક્ષો નામશેષ થઈ રહ્યાં છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ગુગળ, ટીમરૂ, કડાયો ગુંદર, દવ, ખેર રાયણ અને મહુડા સહિતના વૃક્ષો ઝડપથી લુપ્ત થઈ રહ્યાં છે. આ ઉપરાંત ઔષધ સ્વરૂપે અનેક રીતે ઉપયોગી ડોડવી સંપૂર્ણપણે લુપ્ત થવા લાવી છે. છેલ્લા કેટલાય સમયથી ઉપરોક્ત વૃક્ષો ધીરે ધીરે લુપ્ત થઈ રહ્યાં છે જે ચિંતાનો વિષય બની રહ્યાં છે. મોડાસા કોલેજના વનસ્પતિ શાસ્ત્રના પ્રોફેસર ડાં.મધુસુધન જાંગીડના જણાવ્યા મુજબ લુપ્ત થતાં વૃક્ષોની હજુ પણ યોગ્ય દરકાર નહીં લેવાય તો આવનારી પેઢી ઔષધિય ગુણધર્મ ધરાવતા વૃક્ષોની અજાણ રહેશે. જ્યારે વનવાસી વિસ્તારોમાં મહુડાનું વૃક્ષ આદિવાસી પરિવારો માટે કમાઉ દિકરા સમાન હોવા છતાં છેલ્લા કેટલાય સમયથી આડેધડ મહુડાના વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે જે ચિંતાજનક છે. અગાઉ ખેતરના શેઢે ગુગળ સહિતનાં વૃક્ષો જોવા મળતાં હતાં પરંતુ આજે ગણ્યાં ગાંઠ્યા જ વૃક્ષો બચ્યાનું વનસ્પતિ શાસ્ત્રના નિષ્ણાતે દુઃખ સાથે જણાવ્યું છે. દર વર્ષે ચોમાસામાં વન વિભાગ દ્વારા વન વિભાગની નર્સરીઓ તેમજ જંગલની ખુલ્લી જમીનમાં રોપા વાવી લુપ્ત થતા વૃક્ષોને બચાવવાના પ્રયાસ થાય છે પરંતુ તેમાં જાજી સફળતા ક્યાંય દેખાતી નથી.

#### બીડી ઉદ્યોગે ટીમરૂના વૃક્ષનું નિકંદન કાઢ્યું

બાયડ : ઉત્તર ગુજરાતમાં અનેક રીતે ઉપયોગી સાબિત થતા દુર્લભ વૃક્ષો અદ્રશ્ય થઈ રહ્યાં છે જેમાં ટીમરૂના વૃક્ષોની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વનસ્પતિ શાસ્ત્રના પ્રો.ડાં.મધુસુધન જાંગીડના જણાવ્યા અનુસાર ટીમરૂના વૃક્ષના પાનનો ઉપયોગ બીડી બનાવવામાં થતો હોવાથી આડેધડ ટીમરૂના વૃક્ષોનું કાસળ નિકળી રહ્યું છે. બીડી ઉદ્યોગના કારણે ટીમરૂના વૃક્ષોનું નિકંદન તમામ વિસ્તારોમાં નિકળી રહ્યું છે. જે બાબત ચિંતાજનક હોવાનું તેઓએ વધુમાં જણાવ્યું હતું.

#### ગુગળનો ધુપ બનાવવામાં ઉપયોગ

બાયડ : છેલ્લા કેટલાય સમયથી દુર્લભ ગણાતા વૃક્ષોની સંખ્યા ચિંતાજનક રીતે ઘટી છે જેમાં વૃક્ષોના ફળ, ફુલ તેમજ પાનનો ઉપયોગ કોઈને કોઈ પ્રકારે થતો આવ્યો છે જેથી વૃક્ષોની સંખ્યા સતત ઘટી છે. ખાસ કરીને ગુગળના વૃક્ષો લુપ્ત થવાને આરે આવીને ઉભા છે. ગુગળના રસમાંથી ધુપ તૈયાર થાય છે જે વાતાવરણની શુદ્ધિ માટે ઉત્તમ માનવામાં આવી છે. ધુપ બનાવવામાં ધુધળનો વધુ ઉપયોગ થતો હોવાથી તે પણ એક નિકંદનનું કારણ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે.

# દિવાળી વેકેશનમાં ફરવા ગયેલા પ્રવાસીઓ આરોગ્યતંત્ર માટે આફતરૂપ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

દેશમાં દિવાળી દરમ્યાન કોરોનાનું સંક્રમણ ભયજનક રીતે વધતાં પ્રજાની બેદરકારી ફરી એકવાર આફત નોતરે તેવી પૂરેપૂરી સંભાવના છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક લોકો દિવાળી વેકેશનમાં ફરવા માટે અન્ય રાજ્યોમાં ગયા પછી પરત ફરી રહ્યા છે તે પૈકીના ૨૦ થી ૨૫ ટકા પ્રવાસીઓ ઘરે આવ્યા પછી બીમાર પડતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત વચ્ચે હિંમતનગર, મોડાસા, બાયડ, ઈડર, પ્રાંતિજ વિસ્તારમાં કોરોના શંકાસ્પદ દર્દીઓ વધ્યાંની વિગતો ધીરે ધીરે બહાર આવી રહી છે. જ્યારે શંકાસ્પદ સ્વાઈન ફ્લુ જેવા લક્ષણો ધરાવતાં દર્દીઓમાં પણ ઉછાળો ચિંતાજનક છે.

**હિંમતનગર, મોડાસા, બાયડ, ઈડર, પ્રાંતિજ વિસ્તારમાં કોરોના શંકાસ્પદ દર્દીઓ વધ્યા : શંકાસ્પદ સ્વાઈન ફ્લુ જેવા લક્ષણો ધરાવતાં દર્દી હોવાની ચર્ચા**

મળેલી વિગતો અનુસાર જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગે કોરોનાના સંક્રમણ દરમ્યાન નેત્રદીપક કામગીરી કરી કોરોનાના રોગચાળા ઉપર અંકુશ મેળવવાના પ્રયાસ કર્યા હતા. પ્રજાએ પણ સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક અને વેક્શીનેશનમાં જાગૃતતા દેખાડી પરંતુ બીજો ડોઝ લેવામાં પ્રજાની ઉદાસીનતા ઉડીને આંખે વળગે તે રીતે સામે આવી છે. પ્રજાની દેખીતી લાપરવાહીથી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબૂ બનવાની સંભાવનાને કોઈ અટકાવી શકે તેમ નથી. કેન્દ્ર સરકાર અને આરોગ્ય વિભાગે દિવાળી સુધી પ્રજા સાવચેતી રાખે તેવો અનુરોધ કર્યો હતો પરંતુ તે પ્રજા ઉપર બેઅસર સાબિત થયો. કોરોનાની વિદાય થઈ ગઈ માની જિલ્લાના ૩ લાખથી વધુ લોકોએ ભીડભાળ વાળી જગ્યાએ જોખમી પ્રવાસ ખેડ્યો અને કેટલાંકને કોરોનાનું સંક્રમણ લાગ્યા પછી જિલ્લામાં દિવસે-દિવસે સ્થિતિ વધુ વણશે તેવી પરિસ્થિતિ પ્રવર્તિ રહી છે. જિલ્લાના ખાનગી ડોક્ટરોએ પણ આડકતરી રીતે કોરોનાનું સંક્રમણ વધ્યું હોવાના અણસાર પણ આપી દીધા છે.

### પાછલા ૪ દિવસમાં બળતણનો અધધ વપરાશ

# જિલ્લામાં વાદળછાયા વાતાવરણ પછી ઠંડીનું જોર વધ્યું પળે પળે બદલાતા માહોલમાં ઠંડીનો પારો ચઢ-ઉતર

### માવઠાની આગાહીથી ખેડૂતોને ફડક

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીના અણસાર દેવદિવાળી પહેલા મળી રહ્યા છે. વાદળછાયું વાતાવરણ સર્જાયા પછી ઠંડીનો ચમકારો વધુ પ્રભાવી થઈ રહ્યો છે. છેલ્લા ૪ દિવસથી ઠંડીનું જોર વધતાં બળતણનો વપરાશ વધ્યો છે. ગેસના બોટલ સહિત સૂકા લાકડાની માંગમાં ઉછાળો આવ્યો છે. ઉત્તર ભારતની કાતિલ ઠંડી અને જમ્મુ-કાશ્મીરમાં થયેલ બરફ વર્ષાના ઠંડા પવનના કારણે બંન્ને જિલ્લા હવે ઠંડીની ઝપેટમાં આવવાની શરૂઆત થઈ છે આ વર્ષે દેશમાં વધુ ઠંડી પડશે તેવી આગાહી પણ થઈ છે. પળે પળે મોસમનો મિજાજ બદલાઈ રહ્યો છે જેના કારણે ઠંડીનો પારો પણ ક્યારેક ઉપર તો ક્યારેક નીચે જઈ રહ્યો છે. ટૂંકમાં વાદળછાયું વાતાવરણ દૂર થયા પછી ઠંડી ફરીથી આક્રમક બનવાના અણસાર મળી રહ્યા છે. જિલ્લામાં કાતિલ ઠંડીના દોરમાં પ્રજા અને ખેડૂતોની હાલત કફોડી બની શકે છે. તા. ૧૫ નવેમ્બરથી હવામાન વિભાગે ઠંડી વધવાની સાથે કમોસમી માવઠાની આગાહી કરી છે પરંતુ અત્યારે તો ઠંડી વધવાથી બળતણનો વપરાસ અનેકગણો વધ્યો છે.

### વધતી મોંઘવારીમાં માત્ર શાકભાજીથી રાહત

# જિલ્લામાં શાકભાજીના ભાવમાં ૧૦ થી ૧૫ ટકાના ઘટાડાથી લગ્નના અવસરમાં ભોજન ડીશ સસ્તી થશે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

દરેક ક્ષેત્રે મોંઘવારીના ડંખ પછી શાકભાજીના ભાવમાં છેલ્લા સપ્તાહ દરમ્યાન ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થતાં રસોડાના ખોરવાયેલા બજેટ હવે સુધરી રહ્યા છે. જ્યારે સોમવારથી લગ્નસરાની મોસમ પૂરબહાર ખીલવાની છે ત્યારે શાકભાજીના ભાવમાં ઘટાડો લગ્નના અવસરમાં ભોજનની મોંઘી બનેલી ડિશને સામાન્ય રાહત આપશે. શિયાળો શરૂ થયા પછી લીલી હળદર, આંબા હળદર, લસણ, ટામેટાની માંગમાં ઉછાળો આવ્યો છે જ્યારે મેથી ભાજીની માંગ વધી છે.

**લીલી હળદર, આંબા હળદર, લસણ, ટામેટાની માંગમાં ઉછાળો**

શિયાળો શરૂ થતાં પ્રજા પોતાના શરીરની તંદુરસ્તી અંગે વધુ સભાન બનતી હોય છે. જ્યારે આખા વર્ષ દરમ્યાન પ્રજા શરીરને પોષક દ્રવ્યો મળી જાય તે પ્રમાણે શિયાળા દરમ્યાન આંબળા, લીલી હળદર તેમજ લીલા કચુંબરનો ભરપૂર ઉપયોગ કરતી હોય છે. પરંતુ ચોમાસા દરમ્યાન રાજ્ય તેમજ પડોસી રાજ્ય મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પછી શાકભાજીની ખેતીને માઠું નુકસાન પહોંચ્યું હતું અને શાકભાજીની આવક ઘટતાં ભાવમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો હતો. શાકભાજીના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓના રસોડાના બજેટ ખોરવાયા હતાં પરંતુ હવે ચોમાસા પછી શાકભાજીની બમ્પર આવક ઉત્તર ગુજરાત અને જિલ્લાના બજારમાં ઠલવાતાં શાકભાજીના ભાવ સતત ઘટી રહ્યા છે. બટાટા, મૂળા, રીંગણ, તુવેર, મરચાં, દૂધી, ગવાર સહિતના ભાવ ઘટતાં પ્રજાને પણ મોંઘવારીના ડંખમાં સામાન્ય રાહત થશે.

# સાબરકાંઠા-અરવલ્લી પુરવઠા તંત્રની ખંધી નીતિથી કાળાબજારીયાઓને મોકળુ મેદાન

### અનાજ જથ્થા સગેવગે કરવાના દુકાનદારો સામે મંથર ગતિએ તપાસ

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા-અરવલ્લી પુરવઠા તંત્રની ખંધી નીતિથી કાળાબજારીઓને મોકળુ મેદાન મળ્યું છે. સરકારી અનાજનો જથ્થો બોગસ સોફ્ટવેરના ઉપયોગથી સગેવગે કરવાના કૌભાંડમાં જિલ્લાના ૬૨ દુકાનદારોની સંડોવણી સામે આવ્યા પછી તેમની સામે સાગમટે ઠોસ કાર્યવાહી કરવાના બદલે મંથરગતિએ ચાલતી તપાસના કારણે વિભાગમાં પણ અનહદ ભ્રષ્ટ્રાચારની લોકચર્ચા સામે આવી છે. પુરવઠા અધિકારીઓએ આ મુદ્દે કંઈપણ કહેવાનું અને મોબાઈલ ઉપાડવાનું બંધ કરતાં કોઈના દબાણ હેઠળ કામગીરી થતી હોવાની આલોચના થઈ રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પુરવઠા વિભાગનો ભ્રષ્ટ્રાચાર જગ જાહેર છે. અનેક વિસ્તારોમાં પંકાયેલા દુકાનદારો રેશનકાર્ડ ધારકોને ગાંઠતા નથી. સમયસર જથ્થો આપના નથી તેવી વ્યાપક ફરીયાદ પછી તપાસ માટે આવતા લાંચીયા કર્મચારીઓ સબસલામતની આલબેલ પોકારી રવાના થઈ જાય છે. જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સરકારી અનાજનો જથ્થો બારોબાર વેચી મારવાના રાજયવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યા પછી બંને જિલ્લાના ૬૨ દુકાનદારોની સંડોવણી બહાર આવ્યા પછી છેલ્લા અઢી મહિનાથી તપાસના નામે ધુપ્પલ ચાલી રહ્યું છે. માત્ર ૫ દુકાનોના પરવાના રદ કરી ૫૭ દુકાનદારો સામે કોઈ કાર્યવાહી થઈ નથી અને થઈ હોય તો જાહેર કરાઈ નથી.બોગસ સોફ્ટવેર દ્વારા સરકારી અનાજનો જથ્થો ઉપાડી લેવા જેવી ગંભીર ઘટનામાં એકાદ સપ્તાહ કે પખવાડિયામાં રિપોર્ટ તૈયાર કરી દોષિતો સામે પગલાં ભરવાની સાથે કાળાબજાર હેઠળ જેલમાં ધકેલવાના હોય પરંતુ અહિયા તો તંત્ર કાળાબજારીઓને છાવરતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.